

સરદાર પટેલ સેવા સમાજ દ્વારા ૨૪મો સમૂહલગ્નોત્સવ વાવોલ ખાતે યોજાયો હતો. આ સમૂહલગ્નમાં પ્રભુતામાં પગલા પાડનાર નવદંપતિઓને આશીર્વાદ આપવા સમાજના આગેવાનો, હોદ્દેદારો સહિત સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# રાજયભરમાંથી પાંચ હજાર સરપંચ અડાલજમાં ઉમટી પડશે

## ત્રિ-મંદિરની બાજુમાં પડતર પ્રશ્નોને લઈ સરપંચ એકતા સંમેલન ભરાશે

ગાંધીનગર, તા.૨૫

રાજયના ગામડાના સરંપચના પડતર પ્રશ્નોને લઈને આગામી તા.૨૭ ફેબુઆરીને બુધવારના રોજ અડાલજ ત્રિ-મંદિરની બાજુમાં આર વર્લ્ડની સામે સવારે ૯ થી ૨ કલાક દરમિયાન સરપંચ એકતા મહાસંમેલન યોજાશે. આ સંમેલનમાં રાજયભરમાંથી ૫ હજારથી વધુ સરપંચ હાજર રહેશે. સરપંચના પડતર પ્રશ્નનો ઉકેલ સરકાર તરફથી હકારાત્મક નહીં આવે તો આગામી તા.૩જી માર્ચના રોજ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા અને વિરોધ પ્રદર્શીત કાર્યક્રમ યોજશે.

જન અધિકાર સંઘ સરપંચ સંગઠન આયોજીત સરપંચ એકતા મહાસંમેલમાં રાજયના પાંચ હજારથી વધુ સરપંચ અડાલજ ખાતે એકઠા થશે. જેમાં તેઓના પડતર પ્રશ્નોમાં સરપંચો ઉપર થતી અવિશ્વાસની દરકાસ્તનો કાયદો પંચાયત ધારા પ્રમાણે કાયદાકીય રીતે અમલ કરવો, સરપંચોને વાર્ષિક ગ્રામ વિકાસ માટે રૂ.૨ લાખની ગ્રાન્ટ આપવી, ગ્રામ પંચાયતના નાણાકીય કામોમાં ચેક ઉપરથી તલાટી કમ મંત્રીની સહી નાબુદ કરવી, સરપંચને રોકડ રકમ રૂ.૨૦ હજારથી વધારે વિકાસના કામોમાં વાપરવાની સત્તાઓ આપવી, ગામના દબાણ હટાવતી વખતે એફઆઈઆર કે પોલીસ કેસના થવો જોઈએ, ગામનું દબાણ કલેકટરે હસ્તે દુર કરવું, વિકાસનું કામ ચોકકસ મુદત દ્વારા સરકારે ગ્રાન્ટની ફાળવણી કરી પૂર્ણ કરવું, સરપંચ ગામના વિકાસ કાર્યો કરતા હોય તે સમયે સરકારી કર્મચારી કે રાજકીય નેતાઓએ હસ્તેક્ષેપ કરવો નહી.સરપંચને સર્વે સત્તા અધિકારી જાહેર કરવા, બંધારણીય જોગવાઈ મુજબ સરપંચને ૨૯ સત્તાઓ આપવામાં આવેલ છે. તેનું અમલ કરી સરપંચઓને સત્તા અધિકારી બનાવવા,સરપંચ બંધારણીય જોગવાઈ મુજબ રાજકીય સેવક છે જેનો અમલ કરવો.



૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા 'મા ઉમા મહાયજ્ઞ'નું આયોજન તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ ચંદ્રાલા ગામ ખાતે કરવાં આવ્યું હતું. જેમાં મા ઉમા મહાયજ્ઞમાં ૩૧૧ દંપતિઓ ભક્તિપૂર્વક ભાગ લઈ આહુતિ આપી હતી. જેમાં સમાજના છ હજાર જેટલા ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે સી.કે. પટેલ વિદ્યાસંકુલ ખાતે કોમ્યુનિટી હોલનું નિર્માણ થઈ રહ્યું છે, જેમાં લવારપુર ગામના વતની અને હાલમાં કેલિફોર્નિયા રહેતા નટુભાઈ એલ. પટેલ દ્વારા ૨૫ લાખનું દાન કરવામાં આવ્યું હતું. આ મહાયજ્ઞમાં ભાગ લેવા વિદેશમાં વસતાં સમાજના ભાઈ-બહેનો પણ આવ્યા હતા.

# કોંગ્રેસની જન સંકલ્પ રેલી : એસપીજીની ટીમે સભા સ્થળની સમીક્ષા કરી

ગાંધીનગર,તા.૨૫

આગામી ૨૮મી ફેબ્રુઆરીએ ગાંધીનગરના ત્રિમંદિર ખાતે કોંગ્રેસની જન સંકલ્પ રેલી યોજાશે. આ રેલીમાં ગાંધી પરિવારના ત્રણેય સભ્યો (સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા) હાજર રહેશે. ત્રણેય નેતાઓની હાજરીને લઈને એસપીજી સોમવારે ત્રિમંદીર નજીક મેદાનમાં પહોંચી હતી.

ગાંધી પરિવારના ત્રણેય સભ્યો હાજર રહેવાના હોવાથી એસપીજીની ટીમ સભા સ્થળનું નિરીક્ષણ કરવા માટે અહીં પહોંચી હતી. બીજી તરફ ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા પણ સોમવારે અહીં આવી પહોંચ્યા હતા.

જન સંકલ્પ રેલીની તૈયારીઓ અંગે અમિત ચાવડાએ મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું કે, આ રેલીને સોનિયા ગાંધી, રાહુલ અને પ્રિયંકા સંબોધશે. ત્રણેય નેતાઓ ઉપરાંત પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘ પણ આ રેલીને સંબોધન કરશે.

અમિત ચાવડાએ વધુમાં કહ્યું કે, આ રેલીમાં ખેડૂતોના દેવા માફી, યુવાનોને રોજગારીનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવશે. એટલું જ નહીં આ રેલીમાં કોંગ્રેસ શાસિત ચાર રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહેશે. હાલ આ અંગે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. તૈયારીના ભાગરૂપે જ એસપીજીની ટીમ તપાસ માટે અહીં આવી છે. દેશની સ્થિત બદલવા માટે સીવીસીની બેઠક અહીં રાખવામાં આવી છે.

નોંધનીય છે કે રાહુલ ગાંધીએ ૧૪મી ફેબ્રુઆરીના રોજ વલસાડના ધરમપુરના લાલડુંગરી ગામ ખાતેથી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. રાહુલ ગાંધીએ અહીં વિશાળ જનમેદનીને સંબોધન કર્યું હતું. રાહુલે લાલડુંગરી કહ્યુ હતુ કે, 'ગુજરાતની જનતાએ મને આવકાર્યો છે, મારો આદર કર્યું છે, આથી હું પણ ગુજરાતની જનતાને દિલથી પ્રેમ કરું છું, હું ગુજરાત માટે કામ કરવા ઈચ્છું છું, તમે જ્યારે બોલાવશો હું આવીશ.



### ભીમપુરામાં સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમ યોજાયા

માણસાના ભીમપુરા ગામના સ્વામિનારાયણ મંદિરમાં રામ-ઘનશ્યામ મહારાજનો ૧૧મો વાર્ષિકોત્સવ તથા શાકોત્સવ યોજાયો હતો. જેમાં ૬૦૦૦ જેટલા શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આજે ભીમપુરા, પરબતપુરા પ્રાથમિક શાળા તથા બી.એમ. પટેલ સાર્વજનિક સ્કૂલના વિદ્યાર્થીઓ પણ જોયા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં ઠાકોરજીનો અભિષેક, અન્નકુટ દર્શન, સંતદર્શન, જલાયાત્રા, કથાવાર્તા, સત્સંગ, ડાયરો વગેરે કાર્યક્રમો સાથે ભીમપુરા ગામમાં લાયબ્રેરીનું ઉદ્ઘાટન તેમજ ડસ્ટબીન વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નટ નારાયણ દેવ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

# વાસણ ગામેથી ઘર આગળથી બાઈક ચોરાયું

ગાંધીનગર શહેરમાં વાહન ચોરીના બનાવો વધી રહ્યા છે. ત્યારે શહેરી વિસ્તારની સાથે હવે ગ્રામ્ય વિસ્તારમાં પણ વાહનચોરીના કિસ્સા સામે આવી રહ્યા છે. શહેર નજીક આવેલા વાસણ ગામના વચલા વાસમાં રહેતા કેતનસિંહ દિલિપસિંહ વાઘેલા ગત્ તા.૨૧ ફેબુઆરીના રોજ પોતાની માલિકીનું સ્પ્લેન્ડર પ્લસ બાઈક નંબર જી.જે.૧૮.સી.ઈ. ૪૩૪૫ રાત્રે નવ વાગે ઘર આગળ મુકીને ગામમાં વરઘોડો જોવા ગયા હતા. વરઘોડો જોઈ તેઓ રાત્રે ૧૨ વાગે ઘરે પરત ફર્યા હતા ત્યારે ઘર આગળ મુકેલું બાઈક ગુમ હતું.ત્રણ-ચાર દિવસ તપાસ અને શોધખોળ કરવા છતા બાઈક ન મળતા આખરે તેમણે આ અંગે રવિવારના રોજ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે બાઈક ચોરી અંગે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# છત્રાલમાં વિજિલન્સના દરોડા બાદ કલોલ તાલુકા પોલીસ મથકમાં ભૂકંપ

## કલોલ તાલુકા પીઆઈની બદલી : ડી-સ્ટાફ પણ વિખેરી નાખ્યો : ઇન્કવાયરી શરૂ

ગાંધીનગર, તા.૨૫

રાજ્ય પોલીસ વડાની સ્કવોર્ડ સ્ટેટ મોનિટરિંગ સેલ (વિજિલન્સ) દ્વારા થોડા દિવસો અગાઉ સેકટર-૪માં દરોડો પાડીને દારૂનુ ગોડાઉન પકડયું હતું. આ પ્રકરણમાં સેકટર-૭ પી.આઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ ઘટનાને હજુ ગણતરીના દિવસો થયા છે ત્યારે ગઈ કાલે ફરી વિજીલન્સે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા છત્રાલ પાસે દરોડો પાડીને વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડયો હતો. જિલ્લાની પોલીસ નિષ્ક્રિય થઈ ગઈ હોવાનો બીજો દાખલો વિજિલન્સે આપ્યો છે. જેને પગલે કલોલ તાલુકા પોલીસ મથકમાં ધરખમ ફેરફારો થઈ ગયા છે અને રીતસરનો ભૂકંપ આવી ગયો છે. કલોલ તાલુકા પી.આઈને તાત્કાલિક અસરથી બદલીને સેક્ટર-૭ પોલીસ મથકના સેકન્ડ પીઆઈ તરીકે મુકી દેવામાં આવ્યા છે. એટલું જ નહીં કલોલ તાલુકા પોલીસ મથકનો ડી-સ્ટાફ પણ વિખેરી નાખીને તમામને હેડક્વાર્ટરમાં મૂકી દેવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષક કક્ષાએથી સમગ્ર પ્રકરણ મામલે ઈન્કવાયરી શરૂ કરી દેવાઈ છે.

જિલ્લા પોલીસ અધિક્ષકે આજે કલોલ તાલુકા પી.આઇ વી.એ.ડાભીને બદલી કરીને સેકટર-૭ પોલીસ મથકમાં સેકન્ડ પીઆઈ તરીકે મૂકી દીધા છે. તે ઉપરાંત તેમની ડી-સ્ટાફની ટીમના હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ, કોન્સ્ટેબલ જગતસિંહ, ગીરીરાજસિંહ, બાબરભાઈ, સુરેન્દ્રસિંહ અને નરેન્દ્રસિંહને તાત્કાલિક અસરથી કલોલ તાલુકામાંથી બદલી કરીને હેડક્વાર્ટરમાં મૂકી દેવામાં આવે છે. જિલ્લા પોલીસ અધિક્ષક કક્ષાએથી આ મામલે ઈન્કવાયરી પણ શરૂ કરી દેવામાં આવી છે તો બીજી તરફ જિલ્લા પોલીસ અધિક્ષકે અન્ય આઠ પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ સબ ઈન્સ્પેકટરના બદલીઓના આદેશ કર્યા છે. જેમાં ગાંધીનગર સર્કલ પીઆઈ તરીકે ફરજ બજાવતા જતીન પ્રજાપતિને કલોલ તાલુકા પીઆઈ તરીકે મૂકવામાં આવ્યા છે. તે ઉપરાંત સેકટર-૭ સેકન્ડ પીઆઈ તરીકે ફરજ બજાવતા કે.કે.દેસાઈ ને કલોલ શહેર પોલીસ મથકમાં, લીવ રિઝર્વ કંટ્રોલરૂમમાં ફરજ બજાવતા પીઆઈ ડી.એ.ચૌધરીને સેકટર-૭ પોલીસ મથકમાં ફર્સ્ટ પી.આઈ તરીકે, પીઆઈ એસ.જે. રાજપૂતને દહેગામ, પી.એસ.આઈ વાય.જે.રાઠોડ ને એલ.સી.બી, પી.એસ.આઈ એચ.જી. દેસાઈ ને ડભોડા માંથી કલોલ તાલુકા ડી-સ્ટાફ પી.એસ.આઇ તરીકે જયારે એસ.ઓ.જીમાં ફરજ બજાવતા પીએસઆઈ બી.એમ. પટેલને છત્રાલ ચોકીમાં અને કલોલ તાલુકા પી.એસ.આઈ જી.બી.વાઘેલાને દહેગામ પોલીસ મથકમાં મૂકવામાં આવ્યા છે.

# સમગ્ર શિક્ષાના કરાર આધારિત કર્મચારીઓની આંદોલનની ધમકી

ગાંધીનગર, તા.૨૫

સમગ્ર શિક્ષા અભિયાન



અંતર્ગત કરાર આધારીત કામગીરી કરતા કર્મચારીઓને સમાન કામ-સમાન વેતન, જોબ સિક્યુરીટી અને પગાર વધારો આપવાની પડતર માંગણીઓ સાથે આજે રાજયભરમાંથી સમગ્ર શિક્ષા અભિયનના કર્મચારીઓ ગાંધીનગર ખાતે ઉમટી પડ્યા હતા અને રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

રાજયભરમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત છેલ્લા ૧૮ વર્ષથી કરાર આધારીત કર્મચારીઓ કામગીરી કરી રહ્યા છે. જેમાને હાલમાં માત્ર ૭ ટકાનો પગાર વધારો કરાયો છે. જેમાના નાના કર્મચારીઓના પગારમાં રૂ.૭૦૦ વધારો મળવાપાત્ર થાય છે તે કર્મચારીની મશ્કરી સમાન લાગી રહ્યો છે. હાલમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા કર્મચારીઓને કુદકે ને ભુસકે પોતાના હક હિસાબ રૂપે પગારમાં વધારો આપી રહી છે. ત્યારે કરાર આધારીત કર્મચારીઓનું આ પ્રકારે શોષણ થાય છે.જયારે કરાર આધારીત કર્માચરીઓને માત્ર ૭ ટકા પગાર વધારો આપ્યો છે તે બિલકુલ યોગ્ય નથી. સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત કરાર આધારીત કાર્ય કરતા તમામ કર્મચારીઓની માંગણીઓમાં સમાન કામ સમાન વેતન, જોબ સિકયુરીટી, સરકારી કર્મચારીઓને મળતા લાભો, તેમજ ૫૦ ટકા પગાર વધારાની છે. સર્વ શિક્ષા અભિયાનના કર્મચારીઓની માંગણીનો ઉકેલ સરકાર દ્વારા દિન ૫માં નહીં કરવામાં આવે તો સર્વ શિક્ષા અભિયાનના કર્મચારીઓ તા. ૨ જી માર્ચના રોજ ગાંધી ચિંધ્યા માર્ગે ન્યાય મેળવવા માટે આંદોલન કરશે.



### ચિલોડા ખાતે ગરબા મહોત્સવ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા ચોકમાં દર વર્ષની પરંપરા મુજબ બળિયાદેવ મહારાદ તથા મહાકાળી માતાજી યુવક મંડળ આયોજિત ગરબા મહોત્સવનું ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ મહોત્સવમાં ફુલોના ૪૫થી વધુ ગરબા સાથે મહિલા માઈભક્તો માથે લઈને માતાજીની અર્ચના પુજા કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય અલ્પેશજી ઠાકોર, ગાંધીનગર જિલ્લાના ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ ગોવિંદજી ઠાકોર તેમજ ઠાકોર સમાજના અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અલ્પેશજીએ યુવાનોને વ્યસનમુક્તિ, શિક્ષણ અને સમાજની એકતા પર શુભ સંદેશો આપી ધાર્મિક પ્રસંગોચિત શુભકામના વ્યક્ત કરી હતી. આમ ગરબા મહોત્સવમાં ચિલોડા વિસ્તારના આજુબાજુ માઈભક્તો મોટી સંખ્યામાં ગરબામાં ભાગ લીધો હતો.

# ધોળકા તાલુકાના વારણા ખાતે તળાવ ઉંડુ કરવાના કામની શરૂઆત

## અમદાવાદ જિલ્લામાં ૧૩૭૨ લાખના ખર્ચે જળસંચયના કુલ ૪૫૩ કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૫

વરસાદી પાણીના મહતમ સંગ્રહ સાથે પાણીનો મહત્તમ સ્ત્રોત ઉભો થાય, વધુ જળરાશી ઉપલબ્ધ થાય તથા ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવે તેવા બહુવિધહેતુ સાથે ધોળકા તાલુકાના વાસણા ગામે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે જિલ્લાકક્ષાના સુજલામ સુફલામ જળ અભિયાનનો શુભારંભ થયો હતો. અમદાવાદ જિલ્લામાં વારણા ગામે ૪૦ હેક્ટરના તળાવને ઊંડા કરવાના કામના આરંભ સાથે સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ૧૩૭૨ લાખના ખર્ચે અલગ અલગ પ્રકારના કુલ ૪૫૩ કામો હાથ ધરાશે. શહેરી વિકાસ વિભાગ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા જળસંચયના વિવિધ કામો આગામી ૩૧ મે-૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરાશે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પાણીની સમસ્યા ઉદભવવાના કારણોની છણાવટ કરી તેના ઉકેલ માટે જણાવ્યું હતું કે, ધરતી એ પાણીની બેંક છે, ધરતીમાં પાણી ખુટશે તો સમસ્યા જન્મશે. પાણીના તળ નીચા જશે પણ જો ધરતીમાં પાણીનો સંગ્રહ કરીશું તો તળ ઊંચા આવશે અને રાજ્ય કે દેશમાં જો જળસંચય પ્રક્રિયા, અભિયાન આરંભાય તો પાણીનો પ્રશ્ન હલ થશે.

જળસંચય મહત્વાકાંક્ષી યોજના છે તેના સુંદર પરિણામો મળશે જ. વરસાદ નહીં ભગવાનનો પ્રસાદ લેખાવતા ચુડાસમાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે છેલ્લાં વર્ષોમાં આદરેલ જળસંચય અભિયાનના સુંદર પરિણામોના કારણે પીવાના તથા સિંચાઈના પાણીની સમસ્યામા નોંધપાત્ર સુધારો થયો છે, સમસ્યા ખૂબ હળવી થઈ છે. સિંચાઈના પાણીના નવા સ્ત્રોત ઉભા થયા છે. જળસંચય સાથે ડ્રીપ સ્પ્રીંકલર પદ્ધતિથી ખેતી ખૂબ જરૂરી છે. પાક કે જમીનને પાણીની નહીં પણ ભેજની જરૂર છે. જેટલું પાણી હોય એટલું પાણી ફ્લડ-ધોરિયા પદ્ધતિ દ્વારા વેડફવાની જરૂર નથી. એ કૃષિ વૈજ્ઞાને સિદ્ધ કર્યું છે કે, ઓછા પાણી ડ્રીપ ઈરિગેશનથી દવા, પાણી, ખાતરનો, વીજળીનો વપરાશ, ખેતી ખર્ચ પણ ઘટે છે. ખેડૂતોએ હવે આ દિશામાં જાગૃતિ રાખી સફળતા પણ મેળવી છે. વિપુલ ઉત્પાદન સાથે ગુણવત્તાયુક્ત ઉત્પાદનના કારણે ખેડૂતોને સારા બજાર ભાવ પણ મળતા ખેતી પોષણક્ષમ બને છે.



### પૂજ્ય રવિશંકર મહારાજની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી

આકાશ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ ઘ-૫ સર્કલ ખાતે આઝાદી જંગના લડવૈયા અને મુક સમાજ સેવક પૂ રવિશંકર મહારાજની ૧૩૫મી જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના હોદ્દેદારો તેમજ ખેડા જિલ્લાના મિત્ર મંડળ દ્વારા પુષ્પાંજલી કાર્યક્રમ સાથે વીર શહીદોને શ્રધ્ધાંજલિ પણ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળ કૃષ્ણ સેનાના અધ્યક્ષ નટવરસિંહ ચૌહાણ તથા દિગ્વીજયસિંહ વાઘેલા, રોનક ચાવડા, રાહુલ સલાટ, રોનક કડીયા, દિપ પ્રજાપતિ સાથે સ્વયંસેવકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# વાવોલમાં સામાન્ય બાબતે તકરાર થતાં સામ-સામી ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૫

શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં સામસામે વાહનનો અકસ્માત સર્જાયો નથી તેમ છતાં સામ સામે બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા લાકડીઓ ઉછળી હતી. આ બનાવ અંગે સે. ૭ પોલીસમથકે સામસામી ફરીયાદ નોંધાવા પામી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલના દરબારવાસમાં રહેતા જીગરસિંહ રજુજી ગોલ રવિવારના રોજ બપોરના સુમારે તેઓ પોતાની રીક્ષા નં. જીજે.૧૮.વાય.૧૭૨૦ લઈને કિર્તિધામ પાસે ઘંટી ઉપર જતા હતા ત્યારે બાઈકચાલક સ્લીપ ખાઈ જતા રીક્ષા આગળ આવી ગયો હતો. બાઈક સંભાળીને ચલાવવાનું કહેતા બાઈકચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને ચપ્પુ છાતીમાં મારવા જતાં હાથ વચ્ચે લાવતા જીગરસિંહને ટચલી આંગળીએ ઈજા થઈ હતી. તો બીજી તરફ મનીષ રમેશચંદ્ર ત્રિવેદીની ફરિયાદ મુજબ તેઓ સાડા અગીયાર વાગ્યાના અરસામાં કિર્તિધામ સોસાયટી પાસેથી પોતાનું વાહન લઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક રીક્ષાવાળાએ રીક્ષા વાળી દેતા મનીષભાઈએ જોરથી બ્રેક મારી હતી. તે સમયે રીક્ષા ચાલકે ગાળાગાળી કરી હતી. તે દરમિયાન ૧૦ થી ૧૫ લોકો ડંડા લઈને આવ્યા હતા અને માર મારી ઈજા પહોંચાડી હતી. જેથી સે. ૭ પોલીસે બંનેની ફરીયાદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

# મધ્યાહન ભોજનના કર્મચારીઓ ૨૮મીએ જલદ કાર્યક્રમ આપશે

મધ્યાહન ભોજનના કર્મચારીઓને છેલ્લા ૨૫ વર્ષથી ન્યાય મળતો ન હોવાથી તા. ૧૭ ફેબ્રુઆરીથી સંસ્થાના પ્રમુખ અચોકકસ મુદતના આમરણાંત ઉપવાસ પર ઉતર્યા છે. આ ઉપવાસના નવમા દિવસે કોઈ પણ સરકારી પ્રતિનિધિ ઉપવાસી છાવણીની મુલાકાત ન લેતા આવનાર ૨૮ ફેબ્રુઆરીના રોજ ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ દ્વારા જલદ કાર્યક્રમો યોજાશે તેમ સંસ્થાના પ્રમુખ ચંદનસિંહ વાઘેલા દ્વારા જણાવાયું છે.

## વાહન નિકાલ માટે જાહેર હરાજી

કમિશનરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગ ગુજરાત રાજ્ય ગાંધીનગર હસ્તકના નીચે જણાવ્યા પ્રમાણે રદબાતલ થયેલ છે. સરકારી વાહનની જાહેર હરાજી તા. ૫/૩/૨૦૧૯ના રોજ ૧૨.૦૦ કલાકે બ્લોક નં. ૭ના ભોંયતળીયે ઉદ્યોગ ભવન ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. જેથી રસ ધરાવતા ઈસમોએ આઈ.ડી. પ્રુફ અને ઝેરોક્ષ નકલ સાથે હરાજીમાં ભાગ લેવા હાજર રહેવું.

| અ.નં. | આઈટમનું નામ | આઈટમની વિગત | મોડલ |
|---|---|---|---|
| ૧ | જીજે-૧૮-જી-૨૦૧૦ ગાડી | મારૂતિ એસ્ટીમ | ૨૦૦૬ |

ઉપર મુજબનું રદબાતલ વાહનની જાહેર હરાજીથી ખરીદી કરવા ઈચ્છતા ઈસમોએ કચેરીના ચાલુ સમય દરમિયાન કલાક ૧૦.૩૦ થી ૧૭.૦૦ સુધી કમિશનરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૭, ભોંયતળીયે રૂબરૂમાં જોઈ શકાશે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ રૂ. ૩,૦૦૦/- હરાજીમાં ભાગ લેતા અગાઉ (પરત મળવાપાત્ર) ડીપોઝીટ પેટે હરાજીના દિવસે ૧૧.૪૫ કલાક સુધીમાં જમા કરાવવાના રહેશે.
હરાજીની બોલીઓ અને શરતો જનરલ શાખામાંથી મેળવી લેવા વિનંતી.

સહી/- (એચ. બી. પટેલ)
અધિક નિયામક
કુટિર અને ગ્રામદ્યોગ

માહિતી/૩૦૭૭/૧૮-૧૯